ગાંધીનગર સમાચાર

ડીજીટલ સીટીમાં વાઈ-ફાઈના દરો ૨૪ કલાક પછી પણ જાહેર ના થઈ શકયા





વાયબ્રન્ટ ૨૦૧૭ની ચાલી રહેલી તડામાર તૈયારીઓના ભાગરૂપે આજે મહાત્મા મંદિર તથા ગ્લોબલ ટ્રેડ શૉના ડોમમાં ફોગીંગ કરી એન્ટી લારવેલની કામગીરી કરવામાં આવી હતી.

# વાઈબ્રન્ટ સમિટમાં મહાનુભાવોના એસ્કોર્ટીંગ -પાયલોટીંગ માટે ૨૦૦ બોલેરો જીપ

## અમદાવાદ પોલીસની સાથે સ્થાનિક પોલીસ કર્મચારી પણ એસ્કોર્ટીંગમાં ફરજ પર રહેશે

ગાંધીનગર તા ૩૧

આગામી વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશના મહાનુભાવો નગરના મહેમાન બનવાના છે. ત્યારે નગરને નિખારવા માટે પણ તંત્ર છેલ્લા એક મહીનાથી ગળાડુબ કામગીરીમાં વ્યસ્ત છે. વાઈબ્રન્ટ સમિટમાં પ્રધાનમંત્રી સહીત વિવિધ રાજયના મુખ્યમંત્રી તેમજ વિવિધ દેશના વી વી આઈ પી નગરના મહેમાન બનશે. દેશ વિદેશના વી વી આઈ પી મહાનુભાવોને વિશેષ એસ્કોર્ટીંગ અને પાયલોટીંગ માટે ૨૦૦ બોલેરો જીપ ફાળવવામાં આવી છે. જયારે આ વિશેષ જવાબદારી અમદાવાદ પોલીસને સોંપવામાં આવી છે.

વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૭ને અનુલક્ષી તૈયારીઓનો ધમધમાટ ચાલી રહયો છે. વાઈબ્રન્ટ સમિટનુ આયોજન છે તેવા મહાત્મા મંદિરમાં પણ મહાનુભાવોને આવકારવા માટે જરૂરી તમામ સુવિધાઓ અપગ્રેડ કરવામાં આવી રહી છે. જયારે સલામતીના દ્રષ્ટીકોણથી પણ વિશેષ ખ્યાલ રાખી આયોજન કરવામાં આવ્યુ છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન દેશ વિદેશમાંથી આવનારા વી વી આઈ પી મહાનુભાવોને એસ્કોર્ટીંગ અને પાયલોટીંગ આપવા માટે પણ વિશેષ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં મહાનુભાવો માટે ૨૦૦ થી વધુ બોલેરો જીપ ફાળવવામાં આવી છે. જયારે એસ્કોર્ટીંગની જવાબદારી અમદાવાદ પોલીસને સોંપવામાં આવી છે. બોલેરો જીપમાં પાયલોટીંગમાં અમદાવાદની સાથે ગાંધીનગરના સ્થાનિક પોલીસ કર્મચારીને પણ ફરજ સોંપવામાં આવશે. સ્થાનિક જાણકાર હોય તેવા પોલીસ કર્મચારીને પણ એસ્કોર્ટીંગ કારમાં સ્થાન અપાશે. વાઈબ્રન્ટમાં વી વી આઈ પી મહાનુભાવો માટે જરૂરી તમામ તામજામ કરવામાં આવી રહયો છે. જયારે સલામતીના દ્રષ્ટીકોણને ધ્યાનમાં રાખી તમામ પ્રકારની પુર્વે તૈયારી કરવામાં આવી છે.

# ગાંધીનગર જિલ્લાના ત્રણ પી.આઈ.ને બઢતી

## રાજ્યના ૮૫ પી.આઈ.ને બઢતી અને ૨૫ ડીવાયએસપીની બદલીના આદેશ કલોલ ડીવાયએસપીની અમદાવાદ બદલી

ગાંધીનગર, તા.૩૧

રાજય પોલીસ બેડામાં ફરજ બજાવતા ૮૫ પી.આઈ.ને બઢતીની ભેટ નવા વર્ષે આપવામાં આવી છે. ગૃહ વિભાગ દ્વારા ૮૫ પી.આઈ.ને ડીવાયએસપી તરીકે બઢતી આપવામાં આવી છે. તે ઉપરાંત ૨૫ ડીવાયએસપીની બદલીઓના આદેશ કરવામાં આવ્યા છે. તો બીજી તરફ હૈદરાબાદમાં તાલીમ પૂર્ણ કરનાર ત્રણ આઈપીએસ અધિકારીઓને પણ પોસ્ટીંગ આપવામાં આવ્યા છે.

રાજયના ૨૫ ડીવાયએસપીને બદલીના આદેશ જારી કરવામાં આવ્યા છે. જેમાં ગાંધીનગર જિલ્લાના કલોલ ડીવીઝનના ડીવાયએસપી અતુલ સી. બારોટની અમદાવાદ ખાતે બદલી કરવામાં આવી છે તે ઉપરાંત ૮૪ પી.આઈ.ની ડીવાયએસપીના પ્રમોશન આપવામાં આવ્યા છે. ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા આશુતોષ પરમાર, ભરત પટેલ અને આર.જી. ભાવસારનો પ્રમોશનની યાદીમાં સમાવેશ થયો છે. જિલ્લાના ત્રણ પી.આઈ.ને પ્રમોશન મળ્યા છે તે ઉપરાંત અગાઉ ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવી ચુકનાર જે.એમ. ભરવાડ, ડી.ડી. ચૌધરી, પી.કે. પટેલને પણ પ્રમોશન મળ્યા છે. જયારે ગાંધીનગર રેન્જ આઈ.જી. ઓફીસમાં ફરજ બજાવતા ડી.પી.ચુડાસમાને પણ પ્રમોશન આપવામાં આવ્યું છે. ૨૫ ડીવાયએસપીની બદલી અને ૮૫ પી.આઈ.ની બઢતી ઉપરાંત હૈદરાબાદમાં તાલીમ પુર્ણ કરનાર ત્રણ આઈપીએસ અધિકારીને પણ એએસપીના ઓર્ડર આપવામાં આવ્યા છે.

# ડીજીટલ સીટીમાં વાઈ-ફાઈના દરો ૨૪ કલાક પછી પણ જાહેર ના થઈ શકયા

## કનેકટીવીટીને લઈ પણ લોકોમાં ઉઠેલી ફરિયાદો : માત્ર 'ઘ' રોડના વિસ્તારના કેટલાક ભાગમાં જ કનેકટીવીટી

ગાંધીનગર, તા.૩૧

ગઈ કાલે સાંજે ડીજીટલ સીટીનો દરજ્જો મેળવનાર ગાંધીનગર શહેરમાં વાઈ ફાઈ સુવિધાને લઈ આજથી જ ફરિયાદો ઉઠવા પામી છે. તેમજ હજુ સુધી મનપા દ્વારા વાઈ-ફાઈ સુવિધાના દર શું રહેશે તેના માટે મૌન સેવવામાં આવી રહ્યું છે.

ડીજીટલ સીટીનો દરજ્જો મેળવવાની ઉતાવળે જાહેરાત કરાઈ હોય તેમ હાલ માત્ર કેટલાક ખુલ્લા મેદાનોમાં વાઈફાઈની કનેકટીવીટી મળે છે જયારે સંકુલો કે ઈમારતોમાં તો તેની કનેકટીવીટી મળતી નથી. આજે માત્ર ઘ રોડ વિસ્તાર પર કનેકટીવીટી મળતી હતી જો કે શહેરના અન્ય વિસ્તારોમાં કનેકટીવીટીને લઈ ફરિયાદો ઉઠી છે.

દિવસમાં બે કલાક ફ્રી યુઝની વાઈ-ફાઈની સુવિધાનો ઉપયોગ ગમે ત્યારે થઈ શકે છે પરંતુ તેના માટે તમારે સતત લોગઈન લોગઆઉટ થવું પડે છે.

ટેરીફના દરો અંગે સત્તાવાળાઓ દ્વારા કુપનો ઈસ્યુ કરવાની વાતો છે પણ તેના દર અંગે તેમજ વહીવટીય નોંધણીને લઈ હજુ સમગ્ર બાબત ચર્ચામાં છે. ૧૩મી જાન્યુઆરી સુધી બે કલાક સુધી મફત સુવિધાની ઘોષણા અધિક મુખ્ય સચિવે કરી છે પરંતુ વાઈ-ફાઈની સુવિધાના ટેરીફ અંગે સેવેલા મૌનને લઈ આજે નગરમાં તરેહ તરેહની વાતો થતી સાંભળવા મળી હતી.

જીયોમાં જે ફ્રી કનેકટીવીટી સાથે કોલીંગની સુવિધા પણ આપવામાં આવતી હોઈ લોકો તેના પર વધુ પસંદગી ઉતારી રહ્યા છે. આ ઉપરાંત રજીસ્ટ્રેશન કરવા માટેની પધ્ધતિને લઈ તંત્રએ કે કંપનીએ કોઈ જ જનજાગૃતિ અભિયાન છેડયું નથી તેને લઈ પણ લોકો અધકચરી જાહેરાત કરવામાં આવી હોવાનું કહી રહ્યા છે.

મનપા દ્વારા ડીજીટલ સેવાનો આરંભ થયો છે પરંતુ સચિવાલય સંકુલ વાઈ-ફાઈ સુવિધાથી સજ્જ છે તો અન્ય સંકુલોમાં પણ આ સુવિધા છે પરંતુ સંકુલો કે ઓફિસોમાં વાઈ-ફાઈની કનેકટીવીટી મળતી નથી.

ટેરીફ માટે ગઈ કાલે યોજાયેલ પત્રકાર પરિષદમાં પણ પત્રકારોએ પ્રશ્નો કર્યા હતા પરંતુ સાંજે કાર્યક્રમમાં તેની જાહેરાત કરાશે તેવા પ્રત્યુત્તરો સાથે પ્રશ્નો ટાળી દેવાયા હતા પરંતુ આજે તેને પણ ૨૪ કલાક જેટલો સમય પસાર થયા પછી દરો વિશે સત્તાવાર રીતે પણ મૌન સેવવામાં આવી રહ્યું છે.

# શહેરમાંથી ૩૨૬ ભયજનક વૃક્ષોની કટોતી : હજુ પણ ૨૦૦ વૃક્ષો દુર કરાશે

## ઉભા અને સુકા વૃક્ષો કાપવાની સાથે વૃક્ષોનુ ટ્રીમીંગ પણ કરવામાં આવી રહયુ છે

ગાંધીનગર તા ૩૧

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી વિવિધ કામો હાથ ધરાયા છે. જયારે બ્યુટિફિકેશનની સાથે વનતંત્ર દ્વારા પણ વન આરક્ષિત જગ્યામાં નવી ફેન્સીંગ ફીટ કરવામાં આવી રહી છે.જયારે વૃક્ષોનુ ટ્રીમીંગ પણ હાથ ધરાયુ છે. આ ઉપરાંત અત્યાર સુધી ૩૨૬ જેટલા ભયજનક અને સુકા વૃક્ષા દુર કરાયા છે. જયારે હજુ પણ ૨૦૦ જોખમી વૃક્ષોની કટોતી કરવામાં આવશે.

વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરને વાઈબ્રન્ટ લુક આપવા તંત્ર તડામારા તૈયારીમાં લાગ્યુ છે. શહેરને સુંદર અને રળિયામણુ બનાવાની સાથે આમ નાગરિકોને આડા દિવસે નડતી સમસ્યાઓ પણ દુર થઈ રહી છે. ઘણાસમય બાદ વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. જયારે નગરમાં સુકા અને ભયજનક વૃક્ષો પણ દુર કરવામાં આવી રહયા છે. અત્યાર સુધી વનતંત્ર દ્વારા ૩૨૬ જેટલા ઉભા સુકા વૃક્ષો દુર કરાયા છે. જયારે હજુ પણ ૨૦૦ જેટલા સુકા વૃક્ષો શહેરમાં ભયજનક હાલતમાં છે. આગામી તા ૫ જાન્યુઆરી સુધીમાં આ ભયજનક વૃક્ષોને પણ દુર કરી દેવાશે. હરિયાળા શહેરમાં વૃક્ષોની સંખ્યા વિશેષ છે. ત્યારે લાંબા સમયથી સુકા અને ભયજનક વૃક્ષો પણ નાગરિકો માટે જોખમી પુરવાર થાય તેવી

● અનુસંધાન પાન-૭ પર

# ગુણાત્મક સુધાર હવે શહેરને બદલે પમીએ આખા જિલ્લામાં

ગાંધીનગર, તા.૩૧

ગુણવત્તા સભર શિક્ષણ માટે ગુણાત્મક સુધારના હાથ ધરાયેલ ગાંધીનગર તાલુકાના અભિગમ સાથે જિલ્લાના અન્ય તાલુકાઓને પણ જોડવામાં આવ્યા છે. આગામી પમીએ ગુણાત્મક સુધાર પ્રોજેકટ અંતર્ગત જિલ્લાની તમામ પંચાયત હસ્તકની શાળામાં ગુણાત્મક સુધાર અંતર્ગત વાંચન-લેખન-ગણનનો પ્રયોગ કરવામાં આવશે.

ગાંધીનગર તાલુકાના ગુણાત્મક સુધાર પ્રોજેકટ અંતર્ગત ગાંધીનગર શહેરની ૩૩ પ્રા. શાળા આ સપ્તાહે જોડાઈ હતી. તેના સારા પ્રતિસાદને જોતાં હવે સમગ્ર જિલ્લાની પંચાયત હસ્તકની તમામ સ્કુલોને જોડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર


## રાજપૂત સમાજ ગાંધીનગર દ્વારા સ્નેહ મિલન

### નવા વર્ષની સમાજના સૌને અભિનંદન અને હાર્દિક આમંત્રણ

ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગરના આંગણે રાજ્પૂત સમાજના વિવિધ સંગઠનો ખૂબ સારી રીતે કાર્યરત છે. તાજેતરમાં વિક્રમ સંવત ૨૦૭૨નું વર્ષ પૂરું થઈ, વિક્રમ સંવત ૨૦૭૩ના વર્ષની શરૂઆતને બીજી રીતે કહીએ તો વિદાય લેતા વર્ષ ૨૦૧૬ને ઉજવવા અને આવનાર નવા વર્ષ ૨૦૧૭ને દિલથી આવકારવા માટે સમાજના સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સમાજના સૌ પધારશો એવી અભ્યર્થના.

સમારંભના ઉદ્‌ઘાટકશ્રી



શ્રીમાન ભરતસિંહજી પરમાર (સંસદ સભ્યશ્રી અને મહામંત્રીશ્રી, ગુજરાત ભાજપ)

સમારંભના અધ્યક્ષશ્રી



શ્રીમાન શક્તિસિંહજી ગોહિલ (ધારાસભ્યશ્રી, અબાડાસા-કચ્છ)

સમારંભના મહેમાનશ્રીઓ



શ્રીમાન ડો.સી.જે. ચાવડા (પૂર્વ ધારાસભ્યશ્રી, ગાંધીનગર)



શ્રીમાન કનકસિંહજી માગરોલા (પૂર્વ રાજ્ય સભાના સભ્યશ્રી)



શ્રીમાન પ્રદિપસિંહજી વાઘેલા (મંત્રીશ્રી, પ્રદેશ ભાજપ)



ભાવનાબા ઝાલા (પ્રમુખશ્રી, શ્રી મહિલા વિદાસભા, અમદાવાદ)



ડો. શંકરસિંહ આર. રાણા પ્રમુખશ્રી રાજપૂત સમાજ

તારીખ : ૧-૧-૨૦૧૭ ને રવિવાર
સમય : બપોરના ૨-૦૦ થી ૫-૩૦ કલાક સુધી
સ્થળ : બા શ્રી હંસાબા ચંદનસિંહજી રાજપૂત ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર

નિમંત્રક : ગાંધીનગર રાજપૂત સમાજ સંગઠનના હોદ્દેદારો, કારોબારી સભ્યો, સલાહકાર વડીલો, યુવાન મિત્રો અને રાજપૂત આગેવાન મહિલાઓ

સંપર્ક

| | | | |
|---|---|---|---|
| વિક્રમસિંહ ગોલ ૮૧૪૧૨ ૨૨૨૪૯ | ડો.શંકરસિંહ રાણા ૯૦૯૯૯ ૫૧૪૯૯ | રમજુભા જાડેજા ૯૯૨૫૨ ૧૦૭૦૫ | જયદિપસિંહ વાઘેલા ૯૯૨૪૩ ૪૩૨૬૪ |
| સંજયસિંહ રાઠોડ ૮૧૪૧૨ ૨૨૨૪૯ | ક્રિપાલસિંહ ચાવડા ૯૮૯૮૭ ૪૯૪૬૯ | રણવીરસિંહ રાઠોડ ૯૭૧૪૪ ૬૭૪૮૪ | બળવંતસિંહ ડાભી ૯૧૫૭૫ ૭૫૩૫૦ |
| પ્રેમબા હાડા ૯૯૯૮૬ ૮૬૨૨૩ | સુશીલાબા જાડેજા ૯૯૨૫૨ ૪૮૨૦૪ | સરોજબા રહેવર ૯૫૩૭૮ ૦૫૫૩૬ | મોનીકાબા ડાભી ૯૭૨૭૨ ૫૨૨૦૯ |
| પ્રદિપસિંહ વાઘેલા વિદ્યા લાઈબ્રેરી | ધર્મેન્દ્રસિંહ કુમપાવત | રાધેશ્યામ રાઠોડ ફોટો જર્નાલીસ્ટ | ભાવના રાઠોડ તંત્રી, વંદે ગુજરાત |

નોંધ : સમાજના દરેક ભાઈઓએ સાફો પહેરીને આવવું. વિનોદ રાઠોડ, વરિષ્ઠ પત્રકાર - ૯૪૨૭૬ ૦૭૧૩૭

ઉપરોક્ત કાર્યક્રમ આપણો પોતાના હોઈ, સૌ સમાજના ભાઈઓ, બહેનો, યુવાનોને પધારવા નિમંત્રણ છે

આ પ્રસંગે બાબુભા ચૌહાણનો ભવ્ય ડાયરાનું આયોજન કરેલ છે.



## જાહેર આભાર



કાંકરેજ તાલુકાની રણાવાડા (જા.) ગ્રામ પંચાયતના સરપંચ પદની ચૂંટણીમાં અમારા નૈતૃત્વ પર વિશ્વાસ મુકી જવલંત જીત અપાવવા બદલ ગામના અગ્રણીઓ, સમર્થકો સહિત દરેક ગ્રામજનોનો હાર્દિક આભાર વ્યકત કરીએ છીએ અને ગામના સર્વાંગી વિકાસની પ્રતિબધ્ધતા વ્યકત કરીએ છીએ.

લિ.
શ્રીમતી જયાબેન અંબારામ રાવલ
નવનિર્વાચીત સરપંચ
રણાવાડા (જા.) ગ્રામ પંચાયત



અંબારામ લખીરામભાઈ રાવલ
મુ. રણાવાડા (જા.), તા. કાંકરેજ, બ.કાં.



## શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ



નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



## ચિલોડા મતદારોનો આભાર



વોર્ડ નંબર-૯ના પંચવટી સોસાયટી, પીપળાવાળો વાસ, ચાર રસ્તા, દુકાન પાછળના મતદારોએ જંગી બહુમતીથી ચિલોડા ગ્રામ પંચાયતના સભ્ય તરીકે ચૂંટવા બદલ ખૂબ ખૂબ અભિનંદન

પટેલ નટવરભાઈ શીવાભાઈ
- પત્રકાર -
મો. ૯૮૯૮૯૪૬૯૫૮



## મતદારોનો ખૂબ ખૂબ આભાર




વસુમતીબેન દિનેશકુમાર પટેલ (સરપંચ) ચિલોડા ગ્રામ પંચાયત



આશાબેન શૈલેષભાઈ પટેલ વોર્ડ નં. ૨ સભ્ય



સંગીતાબેન મહેશભાઈ પટેલ વોર્ડ નં. ૩ સભ્ય



રાગાણીબેન અનિલભાઈ પટેલ વોર્ડ નં. ૪ સભ્ય



જાગૃતિબેન રાકેશભાઈ પટેલ વોર્ડ નં. ૫ સભ્ય



જયંતિભાઈ ગોરધનભાઈ પટેલ વોર્ડ નં. ૬ સભ્ય



નટવરભાઈ શીવાભાઈ પટેલ (પત્રકાર) વોર્ડ નં. ૯ સભ્ય

ચિલોડા ગામની ખૂબ જ રસાકસીભરી ચૂંટણીમાં આપ સોના ભરોસે અમો ઉપરોક્ત સરપંચ તથા સભ્યોએ વિજેતા બનવાની અપેક્ષા રાખી હતી. જેમાં આફનો ભરોસો યથાર્થ નીવડતાં અમો સૌ વિજેતા બન્યા છીએ... આપ સોનો આ તબક્કે આભાર વ્યક્ત કરી અમો પણ ભરોસો આપીએ છીએકે ગામના વિકાસમાં અને આપ સોની તમામ સમસ્યાઓમાં ખડે પગે રહીશું... આપે વિકાસને પ્રાધાન્ય આપી તેના અમોને સારથી બનાવ્યા છે ત્યારે વિકાસના રથને અવિરત રાખવા આપ સૌને ખાતરી આપીએ છીએ... ફરીથી અંતઃપૂર્વક મતદારોનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ....

શુભેચ્છક - શ્રી ઉમિયા સેલ્સ-ચિલોડા


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com